SHREE VASISHTHA VIDHYALAYA




# ફાઈનાન્શિયલ અવેરનેસ

| નાણાકીય જાગૃતતા માટે મક્કમ કદમ...

અંક : ૨ । જુન : ૨૦૨૪

## નાની, સ્માર્ટ પસંદગી + નિરંતરપણુ + સમય = ક્રાંતિકારી તફાવત

### ચક્રવૃદ્ધિનો જાદુ

જો તમારી સામે એવો વિકલ્પ મૂકવામાં આવે કે અત્યારે આ ક્ષણે તમે ત્રીસ લાખ રૂપિયા રોકડા લેવા ઇચ્છશો કે પછી એક પૈસા લેવા માગશો, જેનું મૂલ્ય 31 દિવસ સુધી દરરોજ ડબલ થતું હોય, તો તમે કોની પસંદગી કરશો? જો આ પ્રશ્ન તમે અગાઉ સાંભળ્યો હોય તો તમને ખબર હશે કે તમારે પૈસાની જ પસંદગી કરવી જોઈએ. કેમ કે આ વિકલ્પ કે પસંદગીમાંથી જ તમને વધારે ધન મળશે. છતાં પૈસા પસંદ કરવાથી અંતમાં આપણને વધારે રૂપિયા મળશે એ વાત પર વિશ્વાસ કરવો મુશ્કેલ શા માટે બને છે? કેમ કે પુરસ્કાર મળવામાં ઘણો લાંબો સમય લાગે છે. ચાલો, તેના વિશે વિગતે વાત કરીએ.

ધારો કે તમે રોકડા રૂપિયા પસંદ કર્યા અને તમારાં દોસ્તે પૈસા પસંદ કર્યા. પાંચ દિવસ પછી તમારાં મિત્ર પાસે 16 પૈસા હશે. તમારી પાસે ત્રીસ લાખ રૂપિયા છે. દસમાં દિવસે તેની પાસે માત્ર ૫ રૂપિયા ૧૨ પૈસા હશે અને તમારી પાસે એક મોટી રકમ હશે. તમને શું લાગે છે, તમારો મિત્ર પોતાના નિર્ણય વિશે શું વિચારી રહ્યો હશે? તમે તમારાં લાખો રૂપિયા ખર્ચી રહ્યા  છો, તમને તેમાં ખૂબ મજા આવે છે અને તમે તમારાં પસંદ કરેલા વિકલ્પને લઈને ખૂબ ખુશ છો.

20 દિવસ પસાર થઇ જાય છે અને હવે માત્ર 11 દિવસ બચ્યા છે. પણ પૈસાનો વિકલ્પ પસંદ કરનાર પાસે હજી માત્ર 5243 રૂપિયા છે. તેને અત્યારે કેવું લાગતું હશે? તમામ ત્યાગ અને હકારાત્મક વર્તન છતાં તેની પાસે માત્ર 5000 રૂપિયા છે. જ્યારે તમારી પાસે ત્રીસ લાખ રૂપિયા છે. પછી ધીમે ધીમે કમ્પાઉન્ડ ઇફેક્ટનો અદ્રશ્ય જાદુ દેખાવા લાગે છે. રોજરોજના નાના ગાણિતિક વિકાસથી ચક્રવૃદ્ધિ થતી જતા. પૈસા એકત્રીસમા દિવસે 1,,07,37,418 રૂપિયા બની જાય છે. આ રકમ તમારાં ત્રીસ લાખ રૂપિયા કરતાં ત્રણ ગણા કરતાં પણ મોટી છે.

આ ઉદાહરણ પરથી ખબર પડશે કે નિરંતરપણું લાંબા સમય સુધી ટકાવી રાખવું શા માટે મહત્ત્વનું છે. ઓગણત્રીસમાં દિવસે તમારી પાસે ત્રીસ લાખ રૂપિયા છે, જ્યારે પૈસા પસંદ કરનાર મિત્ર પાસે 2.7 લાખ રૂપિયા છે. આ 31 દિવસની દોડમાં ત્રીસમાં દિવસે તે આગળ નીકળે છે. ત્યારે તેની પાસે 5.3 લાખ રૂપિયા હોય છે અને આ આખા મહિનાની મેરેથોન દોડના સાવ છેલ્લા દિવસે તમારો મિત્ર તમને બહુ ખરાબ રીતે મ્હાત આપે છે. તેની પાસે તમારાં ત્રીસ લાખ રૂપિયા મુકાબલે એક કરોડ થી વધુ રૂપિયા આવી જાય છે.

બહુ ઓછી ચીજો પૈસાની ચક્રવૃદ્ધિ જાદુ જેવી પ્રભાવશાળી હોય છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ શક્તિ તમારાં જીવનના દરેક ક્ષેત્રમાં આ જ રીતે કમાલ કરી શકે છે.

પુસ્તક : ધ કમ્પાઉન્ડ ઈફેકટ । લેખક : ડેરેન હાર્ડી

## સમૃદ્ધિનાં ત્રણ સનાતન સિદ્ધાંત

પહેલો સિદ્ધાંત :- ધન હંમેશા ખર્ચવા માટે જ આવે છે જ્યારે તમે ધન ખર્ચો છો ત્યારે નવા ધનને આવવાની જગ્યા કરી આપો છો.

બીજો સિદ્ધાંત :- અનેક લોકોના ફાયદા માટે જોઈતું ધન જલ્દી આવે છે.

જો એવો કોઇ વ્યવસાય પસંદ કરો કે જે કરવાથી તમારાં ઉપરાંત અનેક લોકોને આવક થતી હોય તો એ વધુ ફાયદો આપે છે.

વર્ષારાણીને આપણું પવાલું ભરવામાં જ રસ નથી હોતો એના ઓરતા તો મલક આખાને તરબોળ કરવાના હોય છે.

ત્રીજો સિદ્ધાંત :- જે આપે છે તેને મળે છે. બીજાને કંઇક આપીને તમે કુદરતના ખાતરી કરાવો છો કે મને તારા પર પુરી શ્રદ્ધા છે.

## માની શકો તો જ મેળવી શકો

પહેલાં આપણે માન્યતા બાંધીએ છીએ
અને પછી એ માન્યતા આપણને બાંધી દે છે.

માન્યતાઓ **સાચી** કે **ખોટી** હોવાના સવાલ જ ઉપસ્થિત નથી થતો, માન્યતા બે જ પ્રકારની હોઈ શકે,

(1) શક્તિવર્ધક

(2) શક્તિ ઘાતક

આપણને કઈ માન્યતા **નકારાત્મક** છે એ કઈ રીતે ખબર પડે

ઉદાહરણ જોઈએ ...

નીચેના વાક્યોમાં કારણ કે પછીનું જે વિધાન લખ્યું છે એ જ એની નકારાત્મકતા માન્યતા

મારો સેલ્સ ટાર્ગેટ એટલા માટે પૂરું નથી થયું

કારણ કે... અમારાં 6 લાખની વસ્તીના ગામમાં આટલું મોટું ટાર્ગેટ પૂરું ન જ થઈ શકે.

હું મિટિંગમાં કોઈને સમજાવી નહીં શકું.

કારણ કે... બીજા ડાયરેક્ટર્સ ઉપર મારો પ્રભાવ નથી પડતો.

હું વિદેશમાં સેટલ ન થઈ શકું

કારણ કે... અંગ્રેજીમાં બોલતાં મને સંકોચ થાય છે.

હું બિઝનેસ ન કરી શકું

કારણ કે... મને મૂડી ઊભી કરતાં નથી આવડતું.

જેઓ જેવું માને છે તેઓને તેવા જ અનુભવો થવા લાગે છે.


જગત તમારાં માટે એવું જ છે કે જેવું તમે માનો છો.

## માન્યતા બદલો... ધનવાન બનો...

કેટલી માન્યતા જેને કારણે માણસ ધનવાન બનવા તરફ પહેલું કદમ ઉઠાવતાં જ રોકાઈ જાય છે અથવા ઉઠાવતાં નથી.

- ધનવાન બનવાનો મારો સમય હવે ચાલ્યો ગયો છે.
- અમે મહિલાઓ આર્થિક સ્વાતંત્ર ન મેળવી શકીએ.
- હું ધનવાન બનીશ તો મારાં સંતાનો બગડી જશે.
- પૈસા બનાવવા માટે ખોટા કામ કરવા પડે.
- રૂપિયા કમાવા માટે રૂપિયો હોવો જોઈએ.

વગેરે... વગેરે ... વગેરે...



## ધન અને ધનિકો વિશેની નકારાત્મક માન્યતાઓ

| માન્યતા | તેની અસર |
|---|---|
| અમીરી અને ગરીબી કિસ્મતનો ખેલ છે | જાત પરની અને પુરુષાર્થ પરની શ્રદ્ધા ઓછી થવા લાગે છે |
| પૈસા જ તમામ દુઃખોનું મૂળ છે | ધન ઉપાર્જન માટે કરી રહેલ કામ અર્થાત વ્યવસાય પ્રત્યે અણગમો થવા લાગે છે |
| ધનવાનો સ્વાર્થી અને નિર્દય હોય છે | ધનવાન બનવાની જરૂરિયાત હોવા છતાં ઈચ્છા મરી પરવારે છે |
| પૈસા ઝાડ ઉપર નથી ઉગતાં | કઠોર પરિશ્રમ કરવો પડશે એવી શંકા જન્મ લે છે |
| મારાં માટે ધનવાન બનવું શક્ય નથી | આવક વધારવાના આઈડિયા આવતા જ બંધ થઈ જાય છે |
| પૈસા કમાવા હોય તો મોજ શોખ ભૂલી જવા પડે | મહેનત કરવા પ્રત્યે નફરત થવા લાગે છે |
| પૈસા હાથનો મેલ છે | આ માન્યતા ધરાવનાર પર ઈશ્વર ખાસ ધ્યાન આપે છે અને એના હાથ પર ક્યારેય મેલ થવા દેતો નથી. |

## કેટલીક પાયાની સકારાત્મક માન્યતાઓની યાદી

1. વધુ ધન વડે વધુ વિકાસ થઈ શકે.
2. સૃષ્ટિમાં સૌના માટે બધી જ વસ્તુઓ પૂરતી માત્રામાં છે.
3. મારાંમાં અઢળક સમૃદ્ધિ પેદા કરવાની ક્ષમતા છે.
4. વધુ ધનવાન બનવા માટે મારી અંદર જરૂરી બદલાવની પ્રક્રિયા ચાલી રહી છે.
5. ધનવાન બનવાનું સહેલું છે.
6. હું યોગ્ય સમયે યોગ્ય નિર્ણય અને પગલાં લઈ શકું છું.
7. આદર્શ અને સચ્ચાઈના પણ સંપત્તિનું સર્જન થઈ શકે છે.
8. ધનવાન લોકો પણ સારાં હોય છે.
9. પોતાની પાસે મૂડી ન હોય તો પણ ધનવાન બની શકાય છે.
10. વધુ ધન વડે વધુ સત્કાર્યો થઈ શકે છે.

તીવ્ર ઈચ્છા અને લાગણી સાથે જે વિધાનનું વારંવાર રટણ
કરવામાં આવે છે,
તે વિધાન ધીમે ધીમે આપણી માન્યતા બની જાય છે

## માન્યતા બદલાવા ૭ સ્ટેપની ટેકનીક

1. તમારી નકારાત્મક માન્યતા શોધી કાઢો.
2. માન્યતા જ્યારે બદલાઈ જશે ત્યારે જિંદગી કેવી હશે તેનો વિચાર કરો.
3. સાત સ્ટેપની ટેકનીક વાપરો.

1. જે માન્યતા બદલવી છે તેનું એક વિરોધી વાક્ય બનાવો.
2. આ વિધાન ઉપર એકાગ્રતાથી ધ્યાન કેન્દ્રિત કરો.
3. આ વિધાનના શબ્દો અને અર્થને બરાબર સમજો, એમાં વધુ ઊંડા ઊતરી ચિંતન કરો.
4. આ વિધાનનું વારંવાર રટણ કર્યા કરો, એના શબ્દોના અર્થને અનુભવવા માંડો.
5. વિધાન સાથે મનને જોડી એકાકાર થઈ એમાં ખોવાઈ જાઓ વારંવાર સ્મરણ કરો.

જેનું તમે વારંવાર સ્મરણ કરો છો તેને તમારું અર્ધ જાગ્રત મન હકીકત સમજવા લાગે છે.

6. 15 મિનિટ આ માનસિક એક્સરસાઇઝ ભાવપૂર્વક અને ઈચ્છાપૂર્વક ચાલુ રાખો.
7. 12 કલાક પછી 7 સ્ટેપની આ ટેકનિક ફરી કરો દિવસમાં બે વાર કરો.

21 દિવસ આ ક્રિયા શરૂ રાખો. આ ચમત્કાર નથી આ વિજ્ઞાન છે.

**પુસ્તક : રિચ લાઈફ । લેખક : રાજીવ ભલાણી**

## નાણાકીય સાક્ષરતા જે અત્યંત મહત્વપૂર્ણ છે !

આપણને કહેવામાં આવ્યું છે કે, નોકરી મેળવવી અથવા વ્યવસાય શરૂ કરવો એ પૈસાનો એકમાત્ર સ્ત્રોત છે અને આપણે ડિગ્રી, પ્રભાવશાળી લાયકાત, ફેન્સી ટાઈટલનો પીછો કરીએ છીએ. આપણે ધારીએ છીએ કે, વ્યવસાયિક સફળતા = સમૃદ્ધિ. સત્ય જુદું છે.

વ્યવસાયિક ડિગ્રીઓ તમને આજીવિકા કમાવવામાં મદદ કરે છે.
નાણાકીય સાક્ષરતા તમને સંપત્તિ બનાવવામાં મદદ કરે છે.

નાણાકીય સાક્ષરતા એ જીવન કૌશલ્ય છે. નાણાકીય સાક્ષરતા વિના આપણે ભૂલો કરવાનું જોખમ લેતા રહીએ છીએ. સૌથી મૂળભૂત ટાળી શકાય તેવી નાણાકીય ભૂલો આ પ્રમાણે છે :

1. કોઈ સુરક્ષા જાળ નથી. કોવીડમાં આપણે ઊંઘતા ઝડપાયા. ખર્ચમાં વધારો થયો, હોસ્પિટલના બિલો ભરાયા, નોકરીઓ ગઈ. આપણામાંથી ઘણાને કોઈ વીમો ન હતો. કોઈ બેકઅપ નહોતું. જ્યારે આપણને તેની સૌથી વધુ જરૂર હતી ત્યારે નાણાકીય રીતે કોઈ સલામતી જાળ નહોતી.

2. કમાણી કરતા વધુ ખર્ચ. આવેગજન્ય ખરીદી, ઉપભોક્તાવાદ, ઇએમઆઇ જે આપણા પાકીટ ખાલી કરે છે. આપણે કમાઈએ છીએ તેના કરતાં વધુ ખર્ચ કરીએ છીએ.

3. લોનમાં ડૂબવું. આપણે ક્રેડિટ કાર્ડ વાપરીએ છીએ અને વધુ વ્યાજવાળી લોન લઈએ છીએ. આપણે વિચારીએ છીએ કે આપણે તેની ચુકવણી કરી દઈશું. પરંતુ હવે આપણે વ્યાજના (દિવાના) પર્વતની નીચે દટાયેલા છીએ.

4. ખૂબ સલામત વિચારધારા. જેમ આપણા માતા પિતાએ આપણને કહ્યું હતું એમ આપણે મોટેભાગે બચત ખાતામાં પૈસા જમા કરીએ છીએ અથવા ફિક્સ ડિપોઝિટમાં મૂકીએ છીએ. જેનાં પરિણામ સ્વરૂપે દર વર્ષે તેનું મૂલ્ય ઘટતું જાય છે અને આપણા રોકાણને મોંઘવારી ખાઈ જાય છે.

5. કોઈ ભવિષ્યનું આયોજન નથી. આપણે નાણાકીય લક્ષ્ય તરફ આંખ આડા કાન કરીએ છીએ. કારણ જાણ્યા વગર પૈસા વાપરીએ છીએ. સૌથી ખરાબ તો એ છે કે દર મહિને આપણા પૈસા ક્યાં જાય છે એની પણ આપણને ખબર હોતી નથી.

6. લોભી થવું. લોભ જોઈ રોકાણ કરવું, સરળતાથી નફો મેળવવા પ્રયત્ન કરવો, ઝડપથી ધનવાન બનવાની યોજના શોધવી. જે આપણને સૌથી ખરાબ નિર્ણયો લેવા મજબૂર કરે છે જેવા કે, ડરથી રોકાણ કરવું. આપણે પાછળ રહી ગયા ના ભાવથી રોકાણ કરવું. માર્કેટ ક્રેશ થાય ત્યારે નુકસાન વેઠવું તેમજ મૃત સ્ટોકમાં અટવાઈ જવું.

સામાન્ય માણસની વિચારધારા કરતા શ્રીમંતની વિચારધારા જૂદી હોય છે.
તેઓ અલગ રીતે રમે છે વધુ સ્માર્ટ રમે છે.
રહસ્ય એ છે કે સામાન્ય માણસે શ્રીમંતની જેમ વિચારવાનું શીખવું જોઈએ અને એટલે જ નાણાકીય સાક્ષરતા ખૂબ જરૂરી છે.

- અંકુર વારીકુ

# ધનના પાંચ નિયમ

### ધનનો પ્રથમ નિયમ

"ધન એ વ્યક્તિને મળે છે, જે એની વૅલ્યૂ સમજે છે અને એની નિયમિત બચત કરી એનું પ્રૉફિટેબલ ઇન્વેસ્ટમેન્ટ કરે છે. આ રીતે ભવિષ્યમાં સારી એવી સંપત્તિ ઊભી થાય છે." જે વ્યક્તિ પોતાની આવકના દસમાં ભાગની બચત કરે છે અને એનું રોકાણ સમજદારી સાથે કરે છે. એ ઝડપથી સારી સંપત્તિ ઊભી કરે છે એનાથી તેને ભવિષ્યમાં આવક થતી રહેશે અને એનું અકાળે અવસાન થવાથી એના પરિવારને નાણાકીય સુરક્ષા મળે છે. આ નિયમ કહે છે કે, ધનની વૅલ્યૂ સમજતી વ્યક્તિ પાસે જ ધન ટકી રહે છે. મેં જીવનમાં અનેક ઉદાહરણો જોયાં છે. જેમ જેમ હું સંપત્તિનો સંગ્રહ કરું છું, તેમ તેમ એ વધારે પ્રમાણમાં મને મળે છે. જે ધનની હું બચત કરું છું, એમાંથી મને વધારે કમાણી થાય છે. આ નિયમ તમને પણ કામ લાગશે. રોકાણમાંથી મળતા રિટર્નનું ફરી રોકાણ કરવાથી તમને વધારે કમાણી થશે. પહેલા નિયમનો આ જ સાર છે.

### ધનનો બીજો નિયમ

"ધન એનો સમજદારી સાથે ઉપયોગ કરનારા પ્રૉફિટેબલ રિટર્ન આપે છે. ધનનો સમજી વિચારીને ઉપયોગ કરનાર માટે એ મધમાખીની જેમ વધે છે." ધન સમજદાર માલિક માટે સેવકની જેમ કામ કરે છે. ધનનો સમજી વિચારીને ઉપયોગ કરવાથી એમાં અનેકગણો વધારો થાય છે. જે વ્યક્તિ ધનનો સંગ્રહ કરે છે, એને એનો પ્રૉફિટેબલ ઉપયોગ કરવા માટે વધારે તકો મળે છે. સમય પસાર થવાની સાથે એમાં અનેકગણો વધારો થાય છે.

### ધનનો ત્રીજો નિયમ

"લક્ષ્મીને સમજદાર વ્યક્તિ પાસે રહેવામાં રસ હોય છે." જે લોકો સમજુ લોકોની સલાહને અનુસરે છે, એની લક્ષ્મીમાં હંમેશાં વધારો થાય છે. લક્ષ્મી સમજદાર વ્યક્તિ પાસે રહેવાનું પસંદ કરે છે. ઉડાઉ વ્યક્તિ પાસે લક્ષ્મી ટકતી નથી. જે વ્યક્તિ ધનનો ઉપયોગ સમજુ લોકોની સલાહ મુજબ કરે છે એમની સંપત્તિમાં વધારો થાય છે. ધનને જોખમમાં મૂકવાને બદલે સુરક્ષિત રાખતા લોકોના ધનમાં વધારો થાય છે.

### ધનનો ચોથો નિયમ

"જે લોકો વિચાર કર્યા વિના, જાણકારી મેળવ્યા વિના કોઈ વ્યવસાયમાં રોકાણ કરે છે. તેમને ધન ગુમાવવું પડે છે." જ્યારે કોઈ વ્યક્તિ પાસે ધન આવે છે, ત્યારે એને વધુ ધન મેળવવાની લાલચ જાગે છે. પણ લાલચથી ધન ગુમાવવું પડે છે. કહેવાનો અર્થ એ છે કે, વ્યક્તિએ પોતાના ધનનું રોકાણ સમજી વિચારને કરવું જોઈએ. વ્યક્તિ પાસે જે વ્યવસાય કે ક્ષેત્રની જાણકારી ન હોય, એમાં રોકાણ કરવાથી વ્યક્તિએ દૂર રહેવું જોઈએ, નહીં તો પાછળથી એને પસ્તાવું પડે છે. સમજદાર વ્યક્તિ એ છે, જે ધનની વ્યવસ્થા કરવામાં કુશળ લોકોની સલાહ મુજબ એનું રોકાણ કરે છે. વળી જે તે વ્યવસાય કે ક્ષેત્રની પૂરતી જાણકારી મેળવીને રોકાણ કરનાર વ્યક્તિને વધુ ધન કમાવવામાં સફળતા મળે છે.

### ધનનો પાંચમો નિયમ

"ધન આ પ્રકારની વ્યક્તિઓ પાસે ટકતું નથી - એક, એકાએક ખૂબ ધન કમાવવા ઇચ્છે છે. બે, લોકોની લલચામણી સલાહ માને છે. ત્રણ, અનુભવ ન હોય એવી જગ્યાએ રોકાણ કરે છે અને બિનજરૂરી મોજશોખ પાછળ ખર્ચ કરે છે." નવા નવા ધનવાન બનેલા માણસને હંમેશાં આકર્ષક અને લોભામણી યોજનાઓનો વિચાર આવે છે. એને એવુ લાગે છે કે એકાએક એની સંપત્તિમાં વધારો થશે. પણ તેમણે સમજુ વ્યક્તિઓની એ વાત પર ધ્યાન આપવું જોઈએ કે ફટાફટ ધન કમાવવાની દરેક યોજનામાં જોખમ રહેલું હોય છે.

**પુસ્તક : બેબીલોનનો રીચેસ્ટ મેન**



VASISHTHA GROUP OF SCHOOL

શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ.
ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ
નર્સરી થી ધો. ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02621 255551/3 ✆ 91734 02809 / 91733 15555
VISIT US : vasishtha.net

વસિષ્ઠ જેનેસિસ સ્કૂલ, બાબેન.
ગુજરાતી માધ્યમ
૧ થી ધો. ૧૨ સાયન્સ
☎ 02622 225542/43 ✆ 91576 44555
Visit us : vasishthagenesisschool.net